પેટલાદમાં વિકાસના નામે 'વિનાશ'? | ૨.૫૬ કરોડની ગ્રાન્ટ છતાં ગોકળગાયની ગતિએ ચાલતું કામ, પાલિકાની ઉદાસીનતા સામે જનરોષ

પેટલાદના ધોબીકુંડના બ્યુટીફિકેશનમાં નાણાનું ધોવાણ!

તળાવમાં વેલો અને ગંદકીનું સામ્રાજ્ય છવાયું

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૭

પેટલાદમાં ટાઉનહોલથી બાવળી જકાત નાકા રોડ ઉપર ધોબીકુંડ તળાવ આવેલો છે. આ તળાવના બ્યુટીફિકેશન માટે અઢી કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવાઈ હતી. જેમાંથી લગભગ 85 ટકા કામ પૂર્ણ થઈ ગયું હોવાનું પાલિકા દ્વારા જાણવા મળે છે. પરંતુ અત્યારે ધોબીકુંડ તળાવમાં લીલી વેલો અને ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે. આ કામ પેટે કોન્ટ્રાક્ટરને અત્યાર સુધીમાં લગભગ દોઢ

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

કરોડ રૂપિયા ચુકવાઈ ગયા છે. પરંતુ આટલા લાંબા સમય પછી પણ ગોકળગાયની ગતિએ ચાલતા બ્યુટીફિકેશનના કામ અંગે નગરજનોમાં અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે.

પેટલાદમાં તળાવનો વિકાસ અને બ્યુટીફિકેશનની કામગીરી 18 વર્ષે પૂર્ણ થઈ હતી. જો કે ગત વર્ષે આ પાંડવ તળાવને રાધાઘાટ, અટલ ઉદ્યાન સાથે સુંદર વિકાસ કરી પરમાણિયા નગરજનો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જે આજે લોકો માટે હરવા ફરવા અને પર્યટક સ્થળ બન્યું છે. આવી જ રીતે ટાઉનહોલ નજીક આવેલ ધોબીકુંડ તળાવને બ્યુટીફિકેશન કરી વિકાસ કરવા

તળાવના બ્યુટીફિકેશનનું કામ 85 ટકા પૂર્ણ

પેટલાદના ધોબીકુંડ તળાવના વિકાસ પાછળ અંદાજીત રૂપિયા બે કરોડ ઉપરાંતની ગ્રાન્ટ ખર્ચ થનાર છે. જેમાંથી માટી કામ, બોક્સ ડ્રેઈન, ગેબીયન વોલ, કમ્પાઉન્ડ વોલ, ટોયલેટ બ્લોક, વોક-વે, સ્ટોન પીચીંગ, લેન્ડ સ્કેપીંગ, ફુવારા, સ્ટ્રીટ લાઈટ, ગ્રીન વર્ક વગેરે કરી બ્યુટીફિકેશન કરવામાં આવનાર છે. જે પૈકી આશરે 85 ટકા કામ પૂર્ણ થઈ ગયેલ હોવાનું જાણવા મળે છે.

અમૃત 2.0 હેઠળ રૂ.2.56 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જેમાં લગભગ રૂ.2.11 કરોડના કામો અને રૂ.45 લાખ પાંચ વર્ષ સુધીના મેઈન્ટેનન્સ ખર્ચનો સમાવેશ થતો હતો.

આ કામ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાતા અમદાવાદની સત્યમ્ કન્સ્ટ્રક્શન કંપનીને કામ સોંપવામાં આવ્યું હતું. પરંતુ કંપનીએ આ કામનો પેટા કોન્ટ્રાક્ટ પેટલાદની એચ આર મિસ્ત્રી એન્ડ સન્સને આપ્યો હતો. જેઓએ જુન 2024માં કામ શરૂ કર્યું હતું. ટેન્ડરની શરતો મુજબ આ કામ એક વર્ષમાં પૂર્ણ કરવાનું હતું. પરંતુ આ તળાવના બ્યુટીફિકેશનની કામગીરી આજદીન સુધી પૂર્ણ થયેલ નથી. ઉપરાંત આ કામની કુલ રકમ

કોન્ટ્રાક્ટરને વારંવાર એક્સ્ટેન્શન્સ

આ તળાવ બ્યુટીફિકેશનનું કામ જુન 2024માં શરૂ થયું હતું. જે કામની સમય મર્યાદા એક વર્ષ હતી. પરંતુ આ કામ સમયસર પૂર્ણ નહીં થતાં એજન્સીએ રિજીયોનલ કમિશ્નર કચેરી ખાતે સમય વધારા અરજી કરી હતી. જ્યાંથી વધુ છ માસનો સમય મળ્યો હતો. છતાં પણ કામ પૂર્ણ નહીં થતાં પુનઃ સમય વધારો માંગતા વધુ છ મહિના આપવામાં આવ્યા હતા. આમ કામ શરૂ થયે એકના બદલે બે વર્ષ પૂર્ણ થઈ ગયા હોવા છતાં તળાવનું બ્યુટીફિકેશન આજે ડર્ટી બની ગયું હોવાનું જોવા મળે છે.

રૂ.2.11 કરોડ સામે રૂ.1.33 કરોડ જેટલી રકમ એજન્સીને ચુકવાઈ ગઈ છે. જો કે આ અંગે પેટલાદ નગરપાલિકાના એન્જીનીયર દેવાયત કામળીયાએ 85 ટકા કામ પૂર્ણ થઈ ગયું હોવાનું જણાવ્યું હતું. પરંતુ ધોબીકુંડની અંદર હાલ લીલી વેલો અને ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે.

આ તળાવનો વિકાસ ગોકળગાયની ગતિએ ચાલતો હોવાથી આ સમગ્ર રાજમાર્ગ બિસ્માર જોવા મળે છે. ઉપરાંત આ તળાવ સામે બીએપીએસ મંદિર રોડની હાલત પણ ખખડધજ થઈ ગઈ છે.

પાળજ જિલ્લા પંચાયત બેઠકની પેટા ચૂંટણી જંગ આજે નિર્ણાયક મતદાન

ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિપાંખિયો મુકાબલો; ૩૦મીએ પરિણામ જાહેર થશે

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૭

આણંદ જિલ્લા પંચાયતની પાળજ બેઠકની પેટા ચૂંટણી હવે નિર્ણાયક તબક્કે પહોંચી છે. મંગળવાર, ૨૮ જુલાઈએ યોજાનારા મતદાનમાં કુલ ૨૪,૮૮૮ મતદારો ત્રણ ઉમેદવારોના રાજકીય ભાવિ પર મહોર મારશે. ભાજપ, કોંગ્રેસ અને આપ ઉમેદવાર વચ્ચેનો ત્રિપાંખિયો ચૂંટણી જંગ જિલ્લાભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. સૌની નજર મતદારોના જનાદેશ પર કેન્દ્રિત થઈ છે.

પેટા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ સુમિત્રાબેન પટેલને ઉમેદવાર બનાવ્યા છે, જ્યારે કોંગ્રેસે જેસંગભાઈ પરમાર પર દાવ ખેલ્યો છે. બીજી તરફ અલ્પેશ પઢીયાર આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. આમ, ત્રણેય ઉમેદવારો વચ્ચે પ્રતિષ્ઠાનો જંગ જામતાં ચૂંટણીમાં રસાકસીનો માહોલ સર્જાયો છે.

પેટા ચૂંટણીના જાહેરનામા બાદ ઉમેદવારી પ્રક્રિયા દરમિયાન કુલ છ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જોકે ચકાસણી દરમિયાન ત્રણ ઉમેદવારીપત્રો રદ થતાં અંતે ત્રણ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા હતા. ત્યારબાદ ઉમેદવારી

રાજકીય દૃષ્ટિએ મહત્વની ચૂંટણી

પાળજ બેઠકની પેટા ચૂંટણી માત્ર એક બેઠક પૂરતી મર્યાદિત નથી. આ પરિણામ ગ્રામ્ય વિસ્તારમાં બંને મુખ્ય રાજકીય પક્ષોના પ્રભાવ, સંગઠનની મજબૂતાઈ અને મતદારોના વર્તમાન રાજકીય વલણનો પણ સંકેત આપશે. હવે ૨૪,૮૮૮ મતદારોના એક-એક મતમાં ત્રણેય ઉમેદવારોનું રાજકીય ભાવિ સમાયેલું છે, જેનો આખરી ચુકાદો ૩૦ જુલાઈએ મતપેટીમાંથી બહાર આવશે.

પરત ખેંચવાના અંતિમ દિવસે એક પણ ઉમેદવારે પોતાનું ઉમેદવારીપત્ર પરત નહીં ખેંચતાં ત્રિપાંખિયો મુકાબલો નિશ્ચિત બન્યો હતો.

સ્થાનિક સ્વરાજ્યની આ પેટા ચૂંટણીને લઈને ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય માહોલ ગરમાયો હતો. ભાજપ અને કોંગ્રેસના આગેવાનોએ પોતાના ઉમેદવારને વિજયી બનાવવા માટે ગામેગામ સંપર્ક અભિયાન, બેઠકો અને પ્રચાર સભાઓ યોજી હતી. તાલુકા અને જિલ્લા કક્ષાના રાજકીય આગેવાનો પણ પ્રચારમાં સક્રિય રહ્યા હતા. બીજી તરફ આપ ઉમેદવારે પણ સ્થાનિક મુદ્દાઓને કેન્દ્રમાં રાખી મતદારોનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો.ચૂંટણી તંત્ર દ્વારા મતદાન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

ઉમરેઠમાં ધૂમ બાઈકની ટક્કરે વૃદ્ધનું મોત

ભાલેજ-પણસોરા રોડ પર નવી અરડીના વૃદ્ધે અકસ્માતમાં જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૨૭

ઉમરેઠ તાલુકાના નવી અરડી ગામ પાસે હિટ એન્ડ રનની વધુ એક જીવલેણ દુર્ઘટના સામે આવી છે. બેફિકરાઈથી ધસી આવતી એક મોટરસાયકલે રોડ પર ચાલીને જઈ રહેલા એક વડીલને જોરદાર ટક્કર મારતા, ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે.

આ અકસ્માત બનાવની વિગતો મુજબ, નવી અરડી ખાતે રહેતા ૬૫ વર્ષીય સુરેશચંદ્ર મગનભાઈ પંચાલ ગતરોજ નવી અરડીથી જૂની અરડી તરફ રોડ પર પગપાળા જઈ રહ્યા હતા. આ સમયે ગામના જ પ્રતિકભાઈ નામના ચાલકે પોતાની સ્પ્લેન્ડર બાઈક (નંબર GJ 23 EH 9946) અત્યંત બેફીકરાઈથી હંકારી લાવી સુરેશચંદ્ર સાથે અથડાવી હતી.

આ અકસ્માતમાં સુરેશચંદ્રને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નડિયાદ અને ત્યારબાદ કરમસદની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે, સ્થિતિ વધુ ગંભીર જણાતા તેમને વડોદરાની SSG હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું. આ ઘટનાને પગલે ભાલેજ પોલીસે બાઈક ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

આંકલાવ પાસે ટ્રક ટક્કરે બાઇક સવાર યુવકનું મોત

આંકલાવમાંથી પસાર થતાં વાસદ-બગોદરા હાઇવે પર આસોદર નજીક મોડી રાત્રે ભયાનક અકસ્માત સર્જાયો હતો. રોંગ સાઇડમાં પૂરઝડપે આવતા ટ્રક (HR 55 AV 8586) ના ચાલકે સામેથી આવતી બાઇકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઇક ચાલક સુનીલભાઈ વિનુભાઇ રાઠોડને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આંકલાવના બિલપાડા ફળિયામાં રહેતા નટુભાઈ પટીયાર, સુનીલભાઈ રાઠોડ અને ભાનુભાઈ ઠાકોર વડોદરાની એક ખાનગી શાળામાં મજૂરી કામ પતાવીને બાઇક પર પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન રોંગ સાઇડથી આવતા ટ્રકે તેમને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ઘવાયેલા નટુભાઈ અને ભાનુભાઈને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટના બાદ ટ્રક ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ મામલે આંકલાવ પોલીસે ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ભાલેજમાં ગૌવંશ કતલખાનું પકડાયું, પનીશખસ ધરપકડ

પોલીસે ૧૫૦ કિલો માંસ, જીવંત ગૌવંશ અને હથિયારો સહિત ૧.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

આણંદના ભાલેજ શહેરના કુરૈશ મહોલ્લામાં પાણીની ટાંકી પાસે આવેલી એક ઓરડીમાં ધમધમતા ગેરકાયદેસર ગૌવંશ કતલખાના પર પોલીસે દરોડો પાડી પાંચ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસ ટીમે બાતમીના આધારે ઓપરેશન પાર પાડી સ્થળ પરથી ૧૫૦ કિલો માંસ, જીવંત પશુઓ અને કતલ કરવાના સાધનો સહિત કુલ ૧.૧૧ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ભાલેજ પોલીસને ખાનગી બાતમી મળી હતી કે કુરૈશ મહોલ્લામાં પતરાની એક ઓરડીમાં ગૌવંશની કતલની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા ઓરડીમાં દરોડો પાડ્યો હતો. જ્યાં અબ્દુલમુબીન ઉર્ફે બાદશાહ કુરૈશ અને તેના અન્ય ચાર સહયોગીઓ છરા વડે ગૌવંશની કતલ કરી માંસના ટુકડા કરતા ઝડપાઈ ગયા હતા.

પોલીસે સ્થળ પરથી આશરે ૧૫૦ કિલો ગૌમાંસ (અંદાજિત કિંમત ૩૦,૦૦૦), ૧ જીવંત ગાય અને ૨ નાના વાછરડા બચાવી લીધા હતા. આ ઉપરાંત, કતલ કરવા માટે વપરાતા હથિયારો, ડિજિટલ વજનકાંટો, એક સ્કૂટર, રોકડ રકમ અને મોબાઈલ ફોન મળી કુલ ૧,૧૧,૭૮૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ ઘટના બાદ પશુ ચિકિત્સકને બોલાવવામાં આવ્યા હતા, જેમણે પ્રાથમિક તપાસમાં જ જપ્ત કરાયેલું માંસ ગૌવંશનું હોવાનો અભિપ્રાય આપ્યો હતો. આ મામલે ભાલેજ પોલીસે પકડાયેલા અબ્દુલમુબીન ઉર્ફે બાદશાહ અબ્દુલકરીમ કુરેશ, મોહંમદઅકરમ સોકત કુરેશ, મુસ્તુફા ફકીરમહંમદ કુરેશ, સાકીર ઉર્ફે મેમરી રહેમાન કુરેશ, જહીર ઉસ્માન કુરેશ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉંદેલ ગામમાં 1.44 લાખની મતાની ચોરી

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૭

ખંભાતના ઉંદેલ ગામના રહેવાસી ઈલેશભાઈ પટેલ દરરોજ રાત્રે પોતાના કસ્બા ફળિયાવાળા મકાનને તાળું મારી વાડોલા રોડ પર આવેલા તેમના બીજા મકાને સુવા માટે જતા હતા. ગત 25મી જુલાઈ, 2026ના રોજ પણ તેઓ રાત્રિ વિશ્રામ માટે બીજા મકાને ગયા હતા, જેનો લાભ ઉઠાવી તસ્કરોએ મકાનની જાળીનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો.તસ્કરોએ ઘરમાં રહેલી તિજોરી અને કબાટના લોક તોડી અંદર રાખેલી સોનાની 4 બંગડી, માળા, મંગળસૂત્ર, ચેઈન, બુટ્ટી તેમજ ચાંદીના સિક્કા અને છડા અને 4,000ની રોકડ મળી કુલ 1.44 લાખની ચોરી કરી હતી. ખંભાત રૂરલ પોલીસે અજાણ્યા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પાલૈયાના સરપંચ વિરુદ્ધ ગ્રામજનોએ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી લેખિત રજૂઆત કરી

ખેડાના પાલૈયા ગામના લોકોએ કલેક્ટર કચેરીએ હલ્લાબોલ કર્યો

ગણેશપુરાના રસ્તા મુદ્દે વારંવારની રજૂઆતો છતાં ઉકેલ ન આવતા ગ્રામજનો ઉતર્યા મેદાનમાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૭

ખેડા જિલ્લાના પાલૈયા ગામના ગણેશપુરા વિસ્તારમાં રસ્તાના પડતર પ્રશ્ને સોમવારના રોજ ગ્રામજનોએ રોષે ભરાઈને કલેક્ટર કચેરીમાં હલ્લાબોલ કર્યો હતો. લાંબા સમયથી રસ્તાની સુવિધાના અભાવે હાલાકી ભોગવી રહેલા લોકોએ કલેક્ટર કચેરી ગજવી મૂકી

હતી અને સરપંચ વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી લેખિત રજૂઆત કરી હતી.

આ અંગે ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે પાલૈયા ગામના સરપંચ દ્વારા ગણેશપુરા વિસ્તારના રસ્તાના કામમાં જાણીજોઈને અડચણો ઉભી કરવામાં આવી રહી છે. રસ્તાના અભાવે શાળાએ જતા નાના બાળકો અને ખેતરે જતા ખેડૂતોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં કાદવ-કીચડ અને ખાડાઓના કારણે સ્થાનિકોનું જીવન દુષ્કર બની ગયું છે.

આ મુદ્દે સ્થાનિક કક્ષાએ વારંવારની રજૂઆતો છતાં કોઈ ઉકેલ ન આવતા આખરે લોકોની ધીરજ ખૂટી હતી. ગ્રામજનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમગ્ર પ્રકરણની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરાવવાની માંગ કરી છે. આ ઉપરાંત, રસ્તાનો પ્રશ્ન વહેલી તકે ઉકેલવા અને આ મામલે જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવા માટે પણ ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે.